# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૫/ક્વા-૦૪/૨૦૨૧-૨૨/ ૨૧૬૬-૫ તારીખ : ૨૩ - ૦૩ - ૨૦૨૨

રજી. એડી. પત્ર

પ્રતિ,
જાની મુકેશ હિમતલાલ
"શ્રી સિહોરી કૃપા", ૧૦-જાગૃતિ શ્રમજીવી સોસાયટી, શાળા નં.૭૪ વાળી શેરી, ભોમેશ્વર મંદિરની પાછળ, જામનગર રોડ,
મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૬
મોબાઈલ : ૯૯૦૪૭૧૬૬૯૧ ૯૪૨૯૭૬૬૦૬૩

વિષય : વીજળી વપરાશ બીલમાં ઉજાલા લેમ્પની વસુલાત કરવા બાબત.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૧૪-૦૨-૨૦૨૨.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૫/ક્વા-૦૪/૨૦૨૧-૨૨ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૨.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, બેડીનાકા રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**


પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૫/ક્વા-૪/૨૧-૨૨/ 2166-5 તા. 23-03-2022

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**Case No.PG-૧૫/ક્વા-૪/૨૧-૨૨**

અરજદાર : જાની મુકેશ હિમતલાલ ગામ: રાજકોટ

પેટા વિભાગીય કચેરી : બેડીનાકા

રજૂઆત કરનાર : અરજદાર શ્રી જાની મુકેશ હિમતલાલ હાજર રહેલ છે.

:: વિરુધ્ધ ::

સામાવાળા પક્ષકાર-૧ : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૨

રજૂઆત કરનાર : (૧) શ્રી કે.બી.કાનાણી, નાયબ ઈજનેર તથા (૨) શ્રી જી.એમ.ગોહિલ, **નાયબ અધિક્ષક** હિસાબ, પી.જી.વી.સી.એલ. પેટા વિભાગીય કચેરી – બેડીનાકા **રાજકોટ હાજર રહેલ છે.**

સામાવાળા પક્ષકાર-૨ : એનર્જી એફીસિઅન્સી સર્વિસીઝ લીમીટેડ વતી તેના પ્રતિનિધિ તરીકે **શ્રી દર્શનભાઈ વોરા,** સીનીયર એન્જીનીયર હાજર રહેલ છે.

:: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી.મકવાણા

૨) સભ્ય(ટેકનીકલ) - શ્રી આર.જી.ગોવાણી

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

સુનાવણી સ્થળ: પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ: 03-03-૨૦૨૨ (ગુરુવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.03-03-૨૦૨૨ (ગુરુવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજૂઆતમાં જણાવે છે કે તેઓના વીજગ્રાહક નં.૩૧૪૦૪/૦૧૮૨૯/૮ માં ઉજાલાના (૨) બે લેમ્પની ખરીદી વર્ષ-૨૦૧૭ રોકડ રકમ આપી જી.ઇ.બી. કચેરી, જામટાવર પાસેથી ખરીદી કરેલ હતી. પરંતુ વીજ

વપરાશ બીલમાં ઉજાલા ચાર્જ પેટે રકમ વર્ષ-૨૦૧૭ થી વસુલ કરવામાં આવતી પરંતુ લાઇટ બીલનો અભ્યાસ કર્યા વગર દરેક બીલની ભરપાઇ કરી આપતા હતા. વર્ષ-૨૦૨૦ ઓક્ટોબર માસમાં અરજદારે સોલાર પેનલ લીધેલ તેનું બીલ આવતાં તેઓ દ્વારા બીલનો અભ્યાસ કરતા તેમાં ઉજાલા ચાર્જ વસુલ કરવામાં આવતો હતો જેથી અરજદાર દ્વારા તેઓની સંલગ્ન પેટા વિભાગીય કચેરી ખાતે સદર કપાત થયેલ રકમ પરત લેવા અરજદારે અરજી કરેલ, પરંતુ સદર બાબતે કોઈ નિરાકરણ આવેલ નથી. અરજદાર વધુમાં જણાવે છે કે તેઓનો પૂરો પરિવાર જે-તે સમયે COVID-૧૯ માં સપડાયેલ હોય પૂરું ઘર સેનીટાઇઝ કરવામાં આવેલ હોવાથી સદર ખરીદી બિલ તથા કરેલ અરજીની નકલ હાલ ઉપલબ્ધ નથી. આમ અરજદાર દ્વારા ઉજાલા ચાર્જ પેટે રકમ વર્ષ-૨૦૧૭ થી ઓકટોબર-૨૦૨૦ સુધીનાં સમયગાળા દરમ્યાન વસુલ કરવામાં આવેલ રકમ પરત મેળવવા માટે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની રજૂઆત અન્વયે- પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે બેડીનાકા પેટાવિભાગીય કચરીનાં ગ્રાહકનંબર- ૩૧૪૦૪-૦૧૮૨૯-૮ શ્રી મુકેશ હિમતલાલ જાની દ્વારા પોતાના રહેણાંક વીજ જોડાણમાં કપાત થયેલ ઉજાલા ચાર્જ રીફંડ મેળવવા માટે સી.જીઆર.એફ સમક્ષ ફરિયાદ કરેલ છે.

3.૧ ગ્રાહક શ્રી મુકેશ હિમતલાલ જાની તેઓના ગ્રાહકનંબર- ૩૧૪૦૪/૦૧૮૨૯/૮ ૦.૫ કિ.વો.નું રહેણાંક વીજજોડાણ ધરાવે છે. અરજદારના વીજબીલમાં માહે ઓગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૧૮ થી ઓગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૨૦ સુધી ઉજાલા ચાર્જ કપાત હપ્તેથી કરવામાં આવેલ હોય જે ૧૪૫ PRT મુજબ ખરાઈ કરતા નીચે મુજબ રકમ ગ્રાહક ખાતે ઉધારેલ છે.

| બિલિંગ મહિનો | ઉજાલા ચાર્જ ની રકમ રૂપિયામાં |
|---|---|
| ઓગસ્ટ-સપ્ટેમ્બર-૧૮ | ૧૪૦=૦૦ |
| ઓક્ટોબર-નવેમ્બર-૧૮ | ૧૪૦=૦૦ |
| ડીસેમ્બર-૧૮-જાન્યુ-૧૯ | ૩૫૦=૦૦ |
| ફેબ્રુ-માર્ચે-૧૯ | ૨૮૦=૦૦ |
| એપ્રિલ-મેં-૧૯ | ૨૮૦=૦૦ |
| જૂન-જુલાઇ-૧૯ | ૨૧૦=૦૦ |
| ઓગસ્ટ-સપ્ટેમ્બર-૧૯ | ૨૧૦=૦૦ |
| ઓક્ટોબર-નવેમ્બર-૧૯ | ૨૧૦=૦૦ |
| ડીસેમ્બર-૧૯-જાન્યુ-૨૦ | ૨૧૦=૦૦ |
| ફેબ્રુ-માર્ચે-૨૦ | ૨૧૦=૦૦ |
| એપ્રિલ-મેં-૨૦ | ૨૧૦=૦૦ |
| જૂન-જુલાઇ-૨૦ | ૨૧૦=૦૦ |
| ઓગસ્ટ-સપ્ટેમ્બર-૨૦ | ૨૧૦=૦૦ |
| ટોટલ | રૂ.૨૮૭૦=૦૦ |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

3.૨ ઉપરોક્ત મુદ્દા નં 3.૧ મુજબની વિગતે ગ્રાહકના બિલીંગ ખાતામાં ઉજાલા ચાર્જના રૂ.૨૮૭૦/- ડેબિટ થયેલ છે. અત્યારે હાલ ઓનલાઈન ઉજાલા રજીસ્ટ્રેશન એલટી બિલિંગ સીસ્ટમ મુજબ ગ્રાહક જયારે ફરિયાદ લઇ આવે છે ત્યારે તેમાં રજીસ્ટ્રેશન કરવામાં આવે છે આ રજીસ્ટ્રેશન થયા પછીના હપ્તા બંધ થઇ જાય છે અને જે

ચડત હપ્તા થઇ ગયેલ છે તે બાબતે વડી કચેરી દ્વારા પત્ર નં. પીજીવીસીએલ/રેવ/ ૨૦૧૮-૧૯/LTB-1/૧૩૬૬ તા.૩.૧૦.૧૮થી આપેલ માર્ગદર્શન મુજબ EESL(એનર્જી એફીસીયન્સી સર્વિસીઝ લી.) ને ડેટા જી.યુ.વી.એન.એલ. તરફ થી મોકલવામાં આવે છે અને આ પ્રકારનો ડેટા EESL ને ૧૫ દિવસ માં યોગ્ય નિરાકરણ કરવા અર્થે આપવામાં આવે છે જેમાં EESL ગ્રાહક દ્વારા કરવામાં આવેલ ફરિયાદ સાથે સહમત થશે તો ગ્રાહક પાસેથી બાકી રહેલા ઉજાલા ઈ.એમ.આઈ ની રીકવરી કાયમી ધોરણે બંધ કરવામાં આવે છે તેમજ ગ્રાહક ના ખાતામાં રહેલી ઉજાલા ઈ.એમ.આઈ પેટેની બાકી રકમ સીસ્ટમ લેવલે જરૂરી એડજેસ્ટમેન્ટ આપીને મજરે આપવામાં આવે છે.

૩.૩ આમ, ઉપરોક્ત ગ્રાહક ની અરજીના અનુસંધાને તેઓનું ઉજાલા રીપોર્ટસ મુજબ ગ્રાહક શ્રી ૩૧૪૦૪/૦૧૮૨૯/૮ ના કનેક્શન નંબરનું રજીસ્ટ્રેશન ઈ-ઉર્જા માં સબ ડીવીઝન દ્વારા કરવાથી ઉજાલા ચાર્જ બીલમાં બંધ થયેલ છે અને હવે ઉપલી કચેરી એટલેકે જી.યુ.વી.એન.એલ. દ્વારા ગ્રાહકના ખાતામાં ઓટો ડાયરેક્ટ ઓનલાઈન ક્રેડિટ આપવામાં આવશે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: ઈ.ઈ.એસ.એલ.ની રજૂઆત ::

૪.૦ અરજદારની ફરિયાદ અન્વયે EESL દ્વારા તેઓના પત્ર નં – ૯૭ તા.૨૮-૦૨-૨૦૨૨ થી જણાવેલ કે ગ્રાહક નંબર- ૩૧૪૦૪/૦૧૮૨૯/૮ અન્વયે ઉજાલા એપ્લાયન્સીસ હપ્તેથી ખરીદ કરાયેલ છે જે અંતર્ગત EESL કંપની દ્વારા કેશ મેમોરેન્ડમ અને સમંતિપત્રક (ડેબીટ બીલ) રજુ કરેલ છે તેની સાથે અરજદારનું માહે ફેબ્રુઆરી-માર્ચ-૨૦૧૭ના વીજબીલની નકલ અને ચુંટણીકાર્ડની નકલ ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

## :: હુકમ ::

૫.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૫.૧ અરજદારની રજૂઆત અન્વયે નાનામવા રોડ પેટાવિભાગીય કચેરીના કાર્યક્ષેત્ર હેઠળના ગ્રાહક નં. ૩૧૪૦૪/૦૧૮૨૯/૮ થી રહેણાક કેટેગરીનું વીજજોડાણ મુકેશ હિમતલાલ જાની ના નામે ધરાવે છે. અરજદારની ફરિયાદ મુજબ તેઓના વીજબીલમાં ઉજાલા ઉપકરણો રોકડેથી ખરીદ કરેલ હોવા છતા વીજબીલમાં ઉજાલા ચાર્જ ચડીને આવતા હોય જે રકમ ભરપાઈ કરેલ છે તે જમા આપવા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૫.૨ ઉપરોક્ત બાબતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરેલ રજૂઆત મુદ્દા નં. ૩.૧ મુજબ અરજદારના ઉજાલા એપ્લાયન્સીસની હપ્તેથી કરેલ ખરીદી અન્વયે માહે ઓગસ્ટ-સપ્ટેમ્બર-૧૮ થી માહે ઓગસ્ટ-સપ્ટેમ્બર-૨૦ સુધીના વીજબીલમાં કુલ રૂ.૨૮૭૦/- આકારણી કરેલ છે. સદર બાબતે અરજદાર ના તારીખ : ૦૧-૦૭-૨૦૧૯ ના પત્ર ના અનુસંધાને પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ઇ-ઉર્જા સિસ્ટમ માં રજીસ્ટ્રેશન કરેલ છે.

પી.જી.વી.સી.એલ. દ્વારા રજુ કરાયેલ સદર ગ્રાહકના ઉજાલા રીપોર્ટ મુજબ ગ્રાહક નં – ૩૧૪૦૪-૦૧૮૨૯-૮ માં ૧૦ નંગ બલ્બ રૂ.૭૦/- ના ૧૦ ઈ.એમ.આઈ. અને ૦૨ નંગ પંખા રૂ.૧૦૫/- ના ૨૪ ઈ.એમ.આઈ. થી ખરીદ કરેલ છે.

૫.૩ અરજદારની રજૂઆત મુજબ તેઓએ અગાઉ ઉજાલા બલ્બની રોકડેથી ખરીદી કરેલ હતી પરંતુ તેની પહોચ હાલ ઉપલબ્ધ નથી.

૫.૪ EESL દ્વારા રજૂ કરવામાં આવેલ કેશ મેમોરેન્ડમ અને સમંતિપત્ર (ડેબીટ ઇન્વોઇસ) માં દર્શાવેલ ઇન્વોઇસ ની તારીખ, ગ્રાહક નંબર, ખરીદનારનું નામ તેમજ મોબાઈલ નંબર નીચે મુજબ છે.

- બીલની તારીખ : ૨૨-૦૪-૨૦૧૭
- ગ્રાહક નંબર – ૩૧૪૦૪/૦૧૮૨૯/૮
- ખરીદનારનું નામ – મુકેશ હિમતલાલ
- મોબાઈલ નં. – સ્પષ્ટ વાચી શકાતા નથી.
- ૧૦ એલ.ઈ.ડી. બલ્બ રૂ.૭૦/- લેખે રૂ.૭૦૦/- અને ૦૨ નંગ પંખા રૂ.૧૨૬૦/- લેખે રૂ.૨૫૨૦/- એમ કુલ રૂ.૩૨૨૦/- ની ખરીદી હપ્તેથી કરેલ દર્શાવે છે.

EESL કંપની દ્વારા કેશ મેમોરેન્ડમ અને સમંતિપત્ર (ડેબીટ ઇન્વોઇસ) સાથે અરજદારનું માહે જાન્યુઆરી-ફેબ્રુઆરી-૨૦૧૭ના વીજબીલની નકલ અને જાની મુકેશકુમાર હિમતલાલના ચૂટણીકાર્ડની નકલ રજુ કરેલ છે.

૫.૫ સદર કેસમાં અરજદાર દ્વારા ઉજાલા એપ્લાયન્સીસ રોકડેથી ખરીદેલ હોય તેવો કોઈ આધાર-પુરાવો રજુ કરેલ નથી. ઉપરોક્ત મુદ્દા નં ૫.૪ મુજબ EESL કંપની દ્વારા ફોરમ સમક્ષ રજુ કરેલ આધાર-પુરાવા અરજદારને ફોરમની સુનાવણી દરમ્યાન રૂબરૂ જોવા માટે આપેલ ત્યારે અરજદારે જણાવેલ કે ઉજાલા બલ્બની ખરીદ કરતી વખતે સદર વીજબીલની નકલ અને ચુંટણીકાર્ડ જે તે વખતે આપેલ હતા તેમ ફોરમ સમક્ષ સ્વીકારેલ છે અરજદારની રજૂઆત અન્વયે EESL કંપની દ્વારા રજુ કરેલ આધાર-પુરાવાની એક નકલ અરજદારને સદર સુનાવણી દરમ્યાન રૂબરૂ આપેલ છે.

૫.૬ ઉપરોક્ત મુદ્દા નં. ૫.૪ અને ૫.૫ મુજબ અરજદાર દ્વારા ઉજાલા એપ્લાયન્સીસ રોકડેથી ખરીદેલ હોય જેના આધાર-પુરાવા રજુ કરવા અરજદાર નિષ્ફળ રહેલ છે તેમજ અરજદાર દ્વારા જે તે સમયે વીજબીલની નકલ અને ચુંટણીકાર્ડની નકલ ઉજાલા-ઉપકરણની ખરીદ કરતી વખતે જે તે સમયે આપેલ છે તેમ સ્વીકારેલ છે. સદર બાબતોને ધ્યાને લેતા પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અરજદારના વીજબીલમાં ઉજાલા ચાર્જીસ ઉધારેલ છે જે યોગ્ય છે. વધુમાં EESL કંપની દ્વારા રજુ કરેલ કેશ મેમોરેન્ડમ અને સમંતિપત્ર (ડેબીટ ઇન્વોઇસ) મુજબ વસુલવા પાત્ર રકમ રૂ.૩૨૨૦/-ની સામે પી.જી.વી.સી.એલ. દ્વારા રૂ.૨૮૭૦/-ની રકમની વસુલાત કરેલ છે જેથી બાકીની તફાવતની રકમ વસુલવાની કાર્યવાહી કરવી તેમજ કરાયેલ કાર્યવાહી અરજદાર તેમજ અત્રેના ફોરમને દિવસ-૧૦ માં લેખિતમાં જાણ કરવા પી.જી.વી.સી.એલ. પક્ષકાર ને સુચના આપવામાં આવે છે.

૫.૭ ઉપરોક્ત મુદ્દા નં. ૫.૬ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૫.૮ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

Consumer Grievance ... P.G.V.C.L. Rajkot

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (આર.જી.ગોવાણી) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય(ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાતવિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯